નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી–૩૯૬ ૪૫૦.

જા.નં.નકૃયુ/વ.વ.હી.અ./બી-૪ (કેશ)/ ૧૧૮૦-૧૨૨૯ /૨૦૧૩ તા. ૬/૩/૨૦૧૩

વિષય : માર્ચ-૨૦૧૩ માં નાણાકીય વ્યવહાર માટેનું સમયપત્રક અંગે....

# પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ પૂર્ણ થવાની તૈયારીમાં છે, ત્યારે આ છેલ્લા માસમાં નાણાકીય વ્યવહારો સરળ રીતે ચાલી શકે અને છેલ્લા સમયે તકલીફ ન ઉભી થાય તે હેતુસર વિવિધ બીલો રજુ કરવા નીચે મુજબનું સમય પત્રક તથા સૂચનો બહાર પાડવામાં આવે છે.

| અનુ.નં. | બિલનો પ્રકાર | બીલ રજુ કરવાની તારીખો |
|---|---|---|
| ૧ | પી.એફ. પેશગી/પાર્ટ ફાઈનલના બીલો | ૨૦-૦૩-૨૦૧૩ |
| ૨ | બુક એડજસ્ટમેન્ટના બીલો | ૨૬-૦૩-૨૦૧૩ |
| ૩ | માહે માર્ચ-૧૩ ના પગાર બીલો | ૨૫-૩-૨૦૧૩ |
| ૪ | એબ્સ્ટ્રેકટ, કન્ટીજન્સી, ટી.એ.પુરવણી પગાર, એરિયર્સ, મેડીકલ રીએમ્બર્સમેન્ટ વિગેરે બીલો | ૨૫-૦૩-૨૦૧૩ |
| ૫ | બાંધકામને લગતા બીલો | ૨૫-૦૩-૨૦૧૩ |
| ૬ | તમામ પ્રકારના એડવાન્સો સરભર કરવા તથા એબ્સ્ટ્રેકટ બિલથી ઉપાડેલ નાણાંનું એનપીડીસી બીલ | ૩૦-૦૩-૨૦૧૩ |
| ૭ | કચેરીની આવક રોકડમાં અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી (ચેક સિવાય) જમા કરાવવા | ૩૦-૦૩-૨૦૧૩ |
| ૮ | માહે માર્ચ-૧૩ ના માસિક ખર્ચ/આવકના પત્રકો મોકલવાની તારીખ | ૦૪-૦૪-૨૦૧૩ |

સુચના :

1. ગ્રાન્ટના ઉપલબ્ધ પ્રમાણે બુકએડજસ્ટમેન્ટના બીલો રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી. જેથી નવો ખર્ચ કરતા પેહલા સૌ પ્રથમ બુકએડજસ્ટમેન્ટના બીલોને પ્રાધાન્ય આપવું.
2. એબ્સ્ટ્રેકટ બિલથી ઉપાડેલ નાણામાંથી **તા. ૩૧-૦૩-૨૦૧૩** પછીના દિવસોમાં કોઈ પણ સંજોગોમાં ખર્ચ કરવો નહિ. જો નાણા વધે તો **તા.૩૧-૦૩-૨૦૧૩** સુધીમાં યુનિવર્સિટી ફંડમાં પરત જમા કરાવી દેવા.
3. માહે માર્ચ-૧૩ માસના મજુર પગારના બીલોના ચુકવણા ચાલુ માસમાં કરવાના હોય તો અગાઉથી **તા.૨૫-૦૩-૨૦૧૩** થી હાજરી પુરવાની બંધ કરી બીલો વેળાસર મોકલી આપવાના રેહશે.
4. માહે માર્ચ-૨૦૧૩ ના માસ દરમિયાન થયેલ આવક ચાલુ નાણાકીય વર્ષમાં અત્રેના હિસાબમાં લઇ શકાય તે હેતુસર ચાલુ માસ દરમિયાન આવક ચેકથી જમા ન કરાવતા ફક્ત ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા રોકડેથી જ **તા. ૩૦-૦૩-૨૦૧૩** સુધીમાં જમા કરાવવી. ત્યાર બાદની આવક **તા. ૩૧-૦૩-૨૦૧૩** ના રોજ બપોરના **૧૨:૦૦** કલાક સુધીમાં જમા કરાવવી.
5. તમામ પ્રકારના બીલો રજુ કરતી વખતે મંજુર થયેલ ગ્રાન્ટ કરતા વધારે ખર્ચ ન થયો હોય તેની પુરતી તકેદારી રાખવી. તેમજ ગ્રાન્ટ મેળવી લેવાની શરતે માઈનસ ગ્રાન્ટમાં જે બીલો અગાઉ રજુ કરવામાં આવ્યા હોય, તેવા કિસ્સામાં જરૂરી ગ્રાન્ટ તાત્કાલિક મેળવી લેવાની રહેશે. હવે પછી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી સિવાય માયનસ ગ્રાન્ટમાં બીલો મોકલવા નહિ.
6. પ્લાન/નોનપ્લાન/આઈ.સી.એ.આર./અધરએજન્સીમાં ખર્ચ કરવા માટે યુનિવર્સિટી દ્વારા પ્રસિદ્ધ થતી વખતો વખતની સૂચનાઓ ધ્યાને રાખી કરવાનો રેહશે.
7. નોનપ્લાનમાં ખર્ચ કરવા 'બાન' મુકેલ છે, તો તેનો **ચુસ્તપણે અમલ** કરવાનો રેહશે.

ઉપરોક્ત પરિપત્રનો **ચુસ્તપણે** અમલ કરવા વિનંતી છે.

**ખાસનોંધ** : ***ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩ માં online બીલો રજુ કરવાની પ્રથા શરૂ કરેલ છે, જેથી તા.૩૧-૦૩-૨૦૧૩ સુધીમાં બીલો મંજુર/ચુકવવામાં આવશે. ત્યાર પછી કોઈ પણ બીલોનો ખર્ચ કરવામાં આવશે નહિ.***

**વહીવટી–વ–હિસાબી અધિકારી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

નકલ સવિનય રવાના :-

૧. યુનિવર્સિટી અધિકારીશ્રીઓ. (તમામ)
૨. હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂં.
3. તમામ યુનિટ/ સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂં.
૪. અત્રેની કચેરીના તમામ ટેબલો તરફ જાણ સારૂં.